7. The Highest bidder shall be subject to approval of MHIL Ltd. Authorised Officer shall Reserve the right to accept all any of the offer /Bid so received without assign any reason whatsoever. His decision shall be final and binding.
8. The Borrower(s)/Guarantor(s) are hereby given 15 DAYS SALE NOTICE UNDER THE SARFAESI ACT, 2002 to pay the sum mentioned as above before the date of Auction failing which the immovable property will be auctioned and balance, if any, will be recovered with interest and costs. If the Borrower pays the amount due to Muthoot Homefin (India) Ltd, in full, before the date of sale, auction is liable to be set aside.
For further details, contact the Authorised Officer, at the above mentioned Office address Contact Person- **Ravi K- 7984981898**

**Date : July 18, 2026,** **Sd/- Authorized Officer,**
**Place: Morbi** **Muthoot Homefin (India) Limited**

## Aadhar Housing Finance Ltd.

**Corporate Office:** Office Nos. 501 & 503, 5th Floor, Lightbridge, Saki Vihar Road, Andheri East, Mumbai Suburban (District) Maharashtra - 400072
**Amreli Branch :** 2nd Floor,Safari Plaza, Opp Angel Cinema, Bhagwati Chowk, Manek Para, Amreli-365601 GJ
**Porbandar Branch** : 301, 3rd Floor, R.D. Complex, MG Road, Porbander - 360575,(GJ).

### APPENDIX IV POSSESSION NOTICE (for immovable property)

Whereas, the undersigned being the Authorized Officer of **Aadhar Housing Finance Limited (AHFL**) under the Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act 2002 and in exercise of powers conferred under section 13(12) read with Rule 3 of the Security Interest (Enforcement) Rules 2002, Demand Notice(s) issued by the Authorised Officer of the company to the Borrower(s) / Guarantor(s) mentioned herein below to repay the amount mentioned in the notice within **60 days** from the date of receipt of the said notice. The borrower having failed to repay the amount, notice is hereby given to the Borrower(s) / Guarantor(s) and the public in general that the undersigned has taken possession of the property described herein below in exercise of powers conferred on him under Sub-Section (4) of the Section 13 of the said Act read with Rule 8 of the Security Interest Enforcement rules, 2002. The borrower's attention is invited to provisions of sub section (8) of section 13 of the Act, in respect of time available, to redeem the secured assets. The borrower in particular and the public in general are hereby cautioned not to deal with the property and any dealings with the property will be subject to the charge of AHFL for an amount as mentioned herein under with interest thereon.

| Sr. No. | Name of the Borrower(s)/ Co-Borrower(s) (Name of the Branch) | Description of Secured Asset (Immovable Property) | Demand Notice Date & Amount | Date of Possession |
|---|---|---|---|---|
| 1 | (Loan Code No. 36610000678 / Amreli Branch) Parmar Kanubhai Najabhai (Borrower) Parmar Savitaben Kanubhai (Co-Borrower) | All that piece and parcel of the property bearing, GF House No. 336, Property No. 321,Adm.195-17 Sq. Mtrs, Khambhi Dhar Khambhi Dhar Malshika Amreli Gujarat 365550. **Boundaries**: East: West Land, West: Road, North: Gov. West Land, South: Property Of Vinu Bala | **10-12-2025 & ₹ 3,23,503/-** | **16-07-2026** |
| 2 | (Loan Code No. 18410000554 / Porbandar Branch) Anil Kavabhai Akhiya (Borrower) Kadavabhai Karshanbhai Akhiya (Co-Borrower) | All that piece and parcel of the property bearing, Property No. 207, Land Adm. 83-61 Sq.Mtrs, Vankar Vas Porbandar To Veraval Service Road Rahij Junagadh Gujarat 362225. **Boundaries**: East: Road, West: Property Of Ravjibhai Akhiya, North: Property Of Mohanbhai Govabhai Akhiya, South: Property Of Mashri Bhima Akhiya | **14-04-2026 & ₹ 3,98,948/-** | **17-07-2026** |

**Place : Gujarat** **Authorised Officer**
**Date : 18.07.2026** **Aadhar Housing Finance Limited**

# ફિઝિક્સવાલા (PW) એ NEET ૨૦૨૬ માં વિદ્યાર્થીઓના ઉત્કૃષ્ટ પ્રદર્શનની ઉજવણી કરી

● વડોદરા, તા. ૧૭

શૈક્ષણિક કંપની ફિઝિક્સવાલા (PW) એ તેના NEET ૨૦૨૬ ના પરિણામો જાહેર કર્યા છે, જેમાં અનેક વિદ્યાર્થીઓએ NEET ઓલ ઈન્ડિયા રેન્ક (AIR) માં ટોચનું સ્થાન મેળવ્યું છે.

રવિકાંત દિવાકર (AIR 55), શિવાંશ આનંદ (AIR 152), દિવ્યાંશ જયસ્વાલ (AIR 173) અને સાક્ષી કુમારી (AIR ૧૯૨) આ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર કેટલાક વિદ્યાર્થીઓ છે. આ સિદ્ધિઓ ઉ જે લર્નિંગ ઈકોસિસ્ટમ પૂરી પાડવાનો પ્રયત્ન કરે છે તેનું પ્રમાણ છે, જેમાં વિદ્યાર્થીઓ પોતાની વ્યક્તિગત પસંદગીઓ અને શીખવાની શૈલીના આધારે, ઓનલાઈન કોર્સ અથવા ઓફલાઈન, ટેક-સક્ષમ PW વિદ્યાપીઠ કેન્દ્રો દ્વારા ઉચ્ચ ગુણ મેળવી રહ્યા છે.

આ ઉપરાંત, વડોદરામાં વિદ્યાર્થીઓના શાનદાર પ્રદર્શનની ઉજવણી માટે એક કાર્યક્રમ યોજાયો હતો. આ શહેરમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા ફિઝિક્સવાલાના વિદ્યાર્થીઓમાં શ્લોક આનંદ પટેલ (AIR ૬૮૧) સામેલ હતા.

રવિકાંત દિવાકરે કહ્યું, "મારી મહેનત સફળ થતી જોઈને મને ખૂબ આનંદ થાય છે. ઉ ની બેચેસે મારી બધી જ મૂંઝવણોને સંપૂર્ણપણે દૂર કરી દીધી. શિક્ષકોએ વિભાવનાઓ (કોન્સેપ્ટ્સ) એટલી સારી રીતે સમજાવી કે હું ફોર્મ્યુલાને માત્ર ગોખવાને બદલે તેની પાછળનું લોજિક સમજી શક્યો. જ્યારે પણ હું કોઈ અઘરા પ્રશ્નમાં અટવાઈ જતો, ત્યારે વીડિયો સોલ્યુશન્સે મને તરત જ સાચા સ્ટેપ્સ બતાવ્યા, જેનાથી મારો ઘણો સમય બચી ગયો."

શિવાંશ આનંદે કહ્યું, "આટલો સ્કોર મેળવીને અદ્ભુત અનુભવ થઈ રહ્યો છે, અને મને આનંદ છે કે મારી બધી મહેનત રંગ લાવી. મારા માટે સૌથી મોટી મદદ ડેઈલી પ્રેક્ટિસ પેપર્સ (રોજિંદા પ્રેક્ટિસ પેપર) હતા. આ નિયમિત ટેસ્ટ આપવાથી મને ગભરાયા વગર સમયનું આયોજન કેવી રીતે કરવું અને મારી ગતિ કેવી રીતે જાળવી રાખવી તે શીખવા મળ્યું. શિક્ષકોએ મારી મૂંઝવણો (ડાઉટ્સ) દૂર કરવામાં પણ મદદ કરી અને હું ક્યાં ભૂલો કરી રહ્યો હતો તે બતાવ્યું, જેનાથી મને અસલી પરીક્ષા પહેલાં તે ભૂલો સુધારવામાં મદદ મળી."

ફિઝિક્સવાલા (PW) ના સ્થાપક અને સીઈઓ અલખ પાંડેએ જણાવ્યું હતું કે, "NEET ૨૦૨૬ ના એ દરેક ઉમેદવારને ખૂબ ખૂબ અભિનંદન જેમણે આ સફરમાં પોતાની સખત મહેનત, શિસ્ત અને હૃદય રેડ્યું છે. તમારું સમર્પણ ખરેખર પ્રશંસનીય છે. જેઓ આજે પોતાના પરિણામોની ઉજવણી કરી રહ્યા છે, તેમની આ સફળતા મહેનતથી મેળવેલી છે. અને જેઓ પોતાના લક્ષ્યો સુધી પહોંચી શક્યા નથી, તેઓ યાદ રાખે કે આ પરીક્ષા માત્ર એક જ માઈલસ્ટોન છે, તમારા મૂલ્ય કે તમારા ભવિષ્યનું માપદંડ નથી. તમારી ક્ષમતા અપાર છે, અને આ આગળની લાંબી, સફળ સફરનું માત્ર એક પ્રકરણ છે."

NEET કોચિંગ માટે ફિઝિક્સવાલા (PW) નો અભિગમ સુલભ, સસ્તું અને ઉચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ પ્રદાન કરવા પર આધારિત છે. આ પ્લેટફોર્મ ડેઈલી પ્રેક્ટિસ પ્રશ્નો, વીડિયો સોલ્યુશન્સ સાથે મોક ટેસ્ટ, ૨૪૭૭ ડાઉટ રિઝોલ્યુશન અને AI-વ્યક્તિગત રિવિઝન જેવી ટેકનોલોજી-આધારિત સુવિધાઓ પ્રદાન કરે છે, જેથી વિદ્યાર્થીઓ તેમના લોકેશન અથવા પૃષ્ઠભૂમિને ધ્યાનમાં લીધા વિના યોગ્ય દિશામાં આગળ વધી શકે.

આ વર્ષે, આશરે ૨૦ લાખ વિદ્યાર્થીઓ NEET (UG) ૨૦૨૬ ની પરીક્ષામાં બેઠા હતા, જેમાંથી ૧૧.૨૧ લાખ ઉમેદવારો વિવિધ અંડરગ્રેજ્યુએટ મેડિકલ પ્રોગ્રામ્સમાં પ્રવેશ મેળવવા માટે લાયક ઠર્યા છે.

ફિઝિક્સવાલા (PW) વિશે

એક એજ્યુકેશન પ્લેટફોર્મ, ફિઝિક્સવાલા લિમિટેડ (PW) ની સ્થાપના ૨૦૨૦ માં અલખ પાંડે અને પ્રતીક મહેશ્વરી દ્વારા કરવામાં આવી હતી. નોઈડા, ઉત્તર પ્રદેશમાં મુખ્ય મથક ધરાવતી, ઉ નો ઉદ્દેશ્ય ઓનલાઈન, ઓફલાઈન અને હાઈબ્રિડ પ્લેટફોર્મ દ્વારા શિક્ષણને સરળ બનાવવાનો છે. શરૂઆતમાં ૨૦૧૪ માં યુટ્યુબ (YouTube) ચેનલ તરીકે શરૂ કરાયેલ, ઉ હવે તેની મૂળ એપ્લિકેશન (native app), ટેક-સક્ષમ ઓફલાઈન અને હાઈબ્રિડ કેન્દ્રો અને યુટ્યુબ ચેનલો દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ પ્રદાન કરે છે. ઉ નું કામકાજ વિવિધ શૈક્ષણિક ક્ષેત્રોમાં વિસ્તરેલું છે, જેમાં ટેસ્ટની તૈયારી, કૌશલ્ય (skilling) વર્ટિકલ, ઉચ્ચ શિક્ષણ માટે કોચિંગ અને વિદેશમાં શિક્ષણ મેળવવામાં મદદ કરવાનો સમાવેશ થાય છે, જેમાં વિવિધ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમો ઉપલબ્ધ છે. ફિઝિક્સવાલા લિમિટેડ ૧૮ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (NSE) અને BSE લિમિટેડ (બોમ્બે સ્ટોક એક્સચેન્જ) પર લિસ્ટ થઈ હતી

# ભાદરવા ગામના લીમ્બિયા વિસ્તારમાં પોલીસનો દરોડોઃ ત્રણ મહિલા સહિત ચાર જુગારીઓ રૂ. ૭૦,૦૮૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા

● સાવલી, તા. ૧૭

સાવલી તાલુકાના ભાદરવા ગામે લીમ્બિયા વિસ્તારમાં ખુલ્લા મેદાનમાં ભાદરવા પોલીસે દરોડો પાડીને ત્રણ મહિલા સહિત ચાર જુગારી આવોને ૭૦,૦૮૦ ના મુદ્દા માલ સાથે ઝડપીને જેલ ભેગા કર્યા છે જ્યારે એક ફરાર ને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

સાવલીના ભાદરવા પોલીસ મથક ની હદમાં લીમ્બિયા વગા માં આવેલ અર્જુનભાઈ નારાયણભાઈ ના ઘર પાસેની ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો પાના પત્તાનો હાર જીતનો જુગાર રમાડી રહ્યા ની ભાદરવા પોલીસને બાતમી મળી હતી. બાતમીના પગલે દરોડો પાડતા ત્રણ મહિલા સહિત ચાર ને ઝડપી પાડ્યા છે જ્યારે એક ફરાર થવામાં સફળ થયો છે પોલીસે આ દરોડામાં દાવ પર લાગેલા ૨૭,૫૮૦ રૂપિયા તેમજ અંગ ઝડતીમાં ૪૨,૫૦૦ મળી કુલ ૭૦,૦૮૦ નો મુદ્દા માલ ઝડપી પાડ્યો છે દરોડા માં ઝડપાયેલ (૧) રાજુભાઈ સંપતભાઈ પરમાર રહે ભાદરવા દરબાર ગઢ તા સાવલી (૨) સરલાબેન ઉર્ફે મુન્ની છત્રસિંહ મંગળભાઈ ગામેચી રહે વાંકાનેર તા સાવલી(૩) હિન્દી બેન ભલાભાઈ ચંપકભાઈ માછી રહે ભાદરવા લીબિયા વગો સાવલી (૪) આશાબેન કેતનભાઈ મંગળભાઈ ગામેથી રહે ભાદરવા લીમ્બિયા વગો તા સાવલી ને ઝડપી પાડ્યા છે જ્યારે આરોપી નંબર (૫) અર્જુનભાઈ નારાણભાઈ માછી રહે ભાદરવા લીમ્બિયા વગો તા સાવલી ફરાર થઈ ગયો હતો પોલીસે ફરાર આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે

# વડોદરાના બાળ ઇનોવેટર મિથિલેશ પટેલની સિદ્ધિને બિરદાવતા જિલ્લા કલેક્ટર શ્રી અનિલ ધામેલિયા

● વડોદરા, તા.૧૭

વડોદરા જિલ્લાના ભાયલી ગામના અને પોતાની અદભુત કોઠાસૂઝથી IoT ટેકનોલોજીના માધ્યમથી શિવલિંગ પર 'સૂર્ય તિલક'નો સફળ પ્રયોગ કરનાર બાળ ઈનોવેટર મિથિલેશ પટેલને વડોદરા જિલ્લા કલેક્ટર શ્રી અનિલ ધામેલિયાએ કલેક્ટર કચેરી ખાતે રૂબરૂ બોલાવીને વિશેષ સન્માન કરી શુભેચ્છાઓ પાઠવી હતી. બાળકની આ વિજ્ઞાન અને અધ્યાત્મને જોડતી અનોખી સિદ્ધિની જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશેષ નોંધ લેવામાં આવી છે.

તાજેતરમાં તા. ૧૮ જૂનના રોજ પુષ્ય નક્ષત્ર અને સર્વાર્થ સિદ્ધિ યોગના શુભ મુહૂર્તમાં ભાયલી ખાતે આવેલા પૌરાણિક વિમલેશ્વર મહાદેવ મંદિરમાં મિથિલેશ પટેલ દ્વારા સ્વદેશી ટેકનોલોજીનો ઉપયોગ કરી ઈન્ટરનેટ ઓફ થિંગ્સ આધારિત સિસ્ટમ તૈયાર કરવામાં આવી હતી. આ સિસ્ટમમાં ભૌતિકશાસ્ત્રના પ્રકાશ પરાવર્તનના સિદ્ધાંત, મોટર્સ, મિરર, સેન્સર્સ અને માઈક્રોકંટ્રોલરના સમન્વયથી ગર્ભગૃહમાં રહેલા શિવલિંગ પર ચોક્કસ દિશામાંથી સૂર્યપ્રકાશ પાડીને સફળતાપૂર્વક સૂર્ય તિલક કરવામાં આવ્યું હતું.

બાળકની આ નોંધપાત્ર સિદ્ધિથી પ્રભાવિત થઈને જિલ્લા કલેક્ટરશ્રી અનિલ ધામેલિયાએ તા. ૧૬ જુલાઈ (ગુરુવાર)ના રોજ બાળકને પોતાની કચેરીએ આમંત્રિત કર્યો હતો. કલેક્ટરશ્રીએ બાળકની આ વૈજ્ઞાનિક દ્રષ્ટિ અને ધાર્મિક આસ્થાના સુભગ સમન્વયની મુક્તકંઠે પ્રશંસા કરી હતી. આ વિશેષ મુલાકાત પ્રસંગે કલેક્ટરશ્રીએ પ્રોત્સાહન સ્વરૂપે સ્વામી વિવેકાનંદનું પુસ્તક "પ્રેક્ટિકલ વેદાંત" ભેટ આપીને તેના ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વાદ આપ્યા હતા.

આ પ્રયોગ માત્ર ધાર્મિક વિધિ પૂરતો મર્યાદિત ન રહેતા, યુવાનો અને વિદ્યાર્થીઓને વિજ્ઞાન, ટેક્નોલોજી અને આધ્યાત્મિકતા વચ્ચેનો સેતુ સમજાવવામાં મદદરૂપ બનશે તેવો વિશ્વાસ કલેક્ટરશ્રીએ વ્યક્ત કર્યો હતો. જિલ્લા વહીવટી તંત્રના વડા દ્વારા અપાયેલું આ પ્રોત્સાહન બાળક માટે પણ પ્રેરણાદાયક બની રહેશે.

# સાવલી પંથક ધ્રુજ્યું: સવારે રિવોલ્વરથી આત્મહત્યાનો પ્રયાસ અને સાંજે વૃદ્ધની હત્યાના બનાવથી દોડધામ

● સાવલી, તા. ૧૭

સાવલી તાલુકાના કરચિયા ગામે બકરા ચરાવવા ગયેલા ૬૪ વર્ષીય વૃદ્ધ ની હત્યા કરી કેનાલ ના ઢાળિયા માંથી મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે સાવલી પોલીસે મૃતદેહ નો કબજો લઈ પીએમ કરાવવા તજવીજ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ રમણ ભાઈ રયજીભાઈ રાઠોડિયા ઉ ૬૪ રાઠોડિયા વગો રહે કરચિયા તા સાવલી પોતે બકરા ચરાવીને જીવન ગુજારે છે નિત્યક્રમ મુજબ આજે બકરા લઈને ચરાવવા નીકળ્યા હતા અને સાંજના પાંચ વાગ્યા સુધી ઘરે પરત ન ફરતા પરિવારજનોએ શોધખોળ હાજરી હતી જેમાં બકરા એકલા ઘરે આવ્યા હતા જ્યારે રમણભાઈ રાઠોડિયા ઘરે આવ્યા ન હતા શોધખોળ ના પગલે કરચિયા સાવલી રોડ પાસેથી પસાર થતી કેનાલ માંથી મૃતદેહ મળી આવ્યો હતો. અને વૃદ્ધને માથાના પાછળના ભાગે બોથળ પદાર્થ વડે મારીને હત્યા કરી બે બકરા લઈને અજાણ્યા ઈસમો ફરાર થઈ ગયા નું જાણવા મળ્યું હતું આ અગાઉ પણ અજાણ્યા ઈસમો ચાર બકરા લઈ ગયા હોવાની માહિતી મળી રહી છે પ્રથમ નજરે કોઈ બકરા ગેંગ આ હત્યા માં સામેલ હોય તેવી ચર્ચા જોર પકડ્યું છે.

# એએમસીની રેડમાં ખુલી કેન્સરકારક ડાઈ કલરની ભયાનક સત્યતા

● અમદાવાદ, તા. ૧૭

અમદાવાદ મહાનગરપાલિકા (એએમસી)ના ફૂડ વિભાગ દ્વારા અગાઉ લેવામાં આવેલા નમકીનના એક સેમ્પલમાં જોખમી ડાઈ કલર હોવાનું સામે આવ્યું છે. તપાસ દરમિયાન ખુલાસો થયો છે કે, અલગ-અલગ પ્રકારના નમકીન પેકિંગ બનાવતી કંપનીઓ પણ આ જીવલેણ ડાઈ કલરનો ઉપયોગ કરી રહી છે.નોંધનીય છે કે અગાઉ એએમસીના ફૂડ વિભાગ દ્વારા અગાઉ બાપુનગર વિસ્તારમાંથી એક ફૂડ સેમ્પલ લેવામાં આવ્યું હતું. લેબ રિપોર્ટમાં આ સેમ્પલમાં પ્રતિબંધિત ડાઈ કલરનો ઉપયોગ થયો હોવાનું સાબિત થયું છે. અમદાવાદ કોર્પોરેશનને આગળ તપાસ કરતા જાણવા મળ્યું કે, આ નમકીનનો મુખ્ય ડિસ્ટ્રીબ્યુટર અમરાઈવાડી વિસ્તારમાં કાર્યરત છે. ફૂડ વિભાગની તપાસમાં સામે આવ્યું કે, આ નમકીન પાટણના સિદ્ધપુરમાં આવેલી 'ધારીવાલા ફૂડ' નામની કંપનીમાં બનતા હતા, જે ત્યાંથી અમરાઈવાડીની 'અમન સેલ્સ' નામની એજન્સીમાં સપ્લાય થતા હતા અને ત્યાંથી છૂટક બજારમાં વેચાતા હતા.બાતમીના આધારે અમદાવાદ કોર્પોરેશનની ફૂડ ટીમ દ્વારા અમરાઈવાડીમાં આવેલી અમન સેલ્સ એજન્સી પર રેડ કરવામાં આવી હતી. આ સર્ચ ઓપરેશન દરમિયાન ટીમે લાખો રૂપિયાની કિંમતનો નમકીનનો જથ્થો જપ્ત કર્યો છે. બીજી તરફ, અમન સેલ્સ એજન્સીના માલિકે પોતાનો બચાવ કરતા જણાવ્યું કે, અમને આ બાબતે કોઈ જાણ નથી. અમે માત્ર ડિસ્ટ્રીબ્યુટર છીએ અને સિદ્ધપુરથી માલ તૈયાર થઈને જ અમારી પાસે આવે છે. હાલ એએમસીની ટીમે ગોડાઉનમાંથી અલગ-અલગ નમકીનના નવા સેમ્પલ લઈને તેને લેબોરેટરી તપાસ માટે મોકલી આપ્યા છે.એએમસી ફૂડ વિભાગના વડા ડો. તેજસ શાહે મીડિયાને જણાવ્યું કે, આ નમકીનમાં વપરાતો કલર અત્યંત ખતરનાક અને કેન્સર જેવા ગંભીર રોગો નોતરી શકે છે. અગાઉ 'બચ્ચો કા પાસ્તા' નામની પ્રોડક્ટનું સેમ્પલ ફેલ થયું હતું, જેના આધારે જ આ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ફૂડ વિભાગે અંદાજે ૧૫૦૦ કિલો જેટલો શંકાસ્પદ નમકીનનો જથ્થો જપ્ત કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. આ સાથે જ સમગ્ર નેટવર્ક પાટણ જિલ્લા સાથે જોડાયેલું હોવાથી રાજ્ય સરકારના ફૂડ વિભાગને પણ તાત્કાલિક જાણ કરવામાં આવી છે અને તેમની ટીમ પણ સિદ્ધપુર ખાતે તપાસ માટે પહોંચી ગઈ છે.

## સ્ટેચ્યુ ઓફ યુનિટી જતા પ્રવાસીઓ માટે બનશે મહત્વપૂર્ણ પ્રવેશદ્વાર

# રૂ. ૭૨ કરોડના માતબર ખર્ચે ૧૪૬ વર્ષ જૂના પ્રતાપનગર રેલવે સ્ટેશનનો સર્વગ્રાહી કાયાકલ્પ

● વડોદરા, તા.૧૭

વડોદરા જંકશનથી આશરે ૭ કિલોમીટરના અંતરે આવેલું અને વર્ષ ૧૮૮૦માં સ્થપાયેલું ૧૪૬ વર્ષ જૂનું પ્રતાપનગર રેલવે સ્ટેશન ગુજરાતના સમૃદ્ધ રેલવે વારસાનું અભિન્ન અંગ છે. ભૂતકાળમાં નેરોગેજ રેલવે નેટવર્કનું મુખ્ય કેન્દ્ર રહેલા આ સ્ટેશનને હવે વડોદરાના એક વ્યાપક સેટેલાઈટ સ્ટેશન તરીકે વિકસાવવામાં આવ્યું છે. જેના કારણે વડોદરા જંક્શન પરની ભીડમાં નોંધપાત્ર ઘટાડો થશે અને લાંબા અંતરની ટ્રેનોના પરિચાલનમાં સહયોગ મળશે. આ ઉપરાંત, સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે આવતા પ્રવાસીઓ માટે આ સ્ટેશન એક મહત્વપૂર્ણ પ્રવેશદ્વાર બની રહેશે, જેનાથી પ્રાદેશિક જોડાણ અને પ્રવાસન બંનેને વેગ મળશે.

મુસાફરોની સુવિધામાં અભિવૃદ્ધિ કરવાના હેતુથી પ્રતાપનગર સ્ટેશન પર અનેક અત્યાધુનિક સવલતો ઊભી કરવામાં આવી છે. વર્તમાન સ્ટેશન બિલ્ડિંગના ઐતિહાસિક વારસાને જાળવી રાખીને મુસાફરોની સુગમ અવરજવર માટે દ્વિતીય પ્રવેશદ્વાર તરફથી નવા બિલ્ડિંગનું નિર્માણ કરાયું છે. આ સાથે યાત્રીઓની સુગમતા માટે ૧૨ મીટર પહોળા નવા ફૂટ ઓવરબ્રિજ, ત્રણ લિફ્ટ અને બે રેમ્પની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પ્લેટફોર્મની સપાટીઓ વિકસાવવાની સાથે પ્રતીક્ષાલયો અને શૌચાલયોનું ઉચ્ચસ્તરીય અપગ્રેડેશન કરવામાં આવ્યું છે. તમામ યાત્રીઓ માટે દિવ્યાંગજન-અનુકૂળ સુવિધાઓ, આધુનિક સંકેતો અને વાહનોની સરળ અવરજવર માટે વિસ્તૃત સર્ક્યુલેટિંગ એરિયા અને પાર્કિંગની વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરવામાં આવી છે.વિકાસની સાથે વિરાસતની ઝાંખી કરાવતા આ સ્ટેશન પરિસરમાં ગુજરાતની સમૃદ્ધ કલા અને સાંસ્કૃતિક વારસાને દર્શાવતા આકર્ષક કલાત્મક તત્વો અને ભીંતચિત્રો સામેલ કરવામાં આવ્યા છે. પરિણામે આ સ્ટેશનને એક જીવંત આર્ટ ગેલેરી જેવું આગવું સ્વરૂપ મળ્યું છે. આધુનિક યાત્રી-કેન્દ્રી સવલતો અને ભવિષ્યની જરૂરિયાતોને અનુરૂપ મજબૂત પરિચાલન માળખા સાથેનું આ નવનિર્મિત પ્રતાપનગર રેલવે સ્ટેશન વડોદરાના વિકાસમાં એક નવો અધ્યાય ઉમેરવાની સાથે યાત્રીઓને વધુ સરળ અને આરામદાયક પ્રવાસનો અનુભવ પ્રદાન કરશે.



**શિલ્ચર ટેક્નોલોજીસ લિમિટેડ**

SHILCHAR

રજી. કચેરી: બીલ રોડ, બીલ-૩૯૧૪૧૦, જિ.વડોદરા, ગુજરાત
વર્ક્સ: મુવાલ સબ-સ્ટેશન પાસે, પાદરા જંબુસર હાઈવે, ગવાસદ, વડોદરા-૩૯૧૪૩૦ ઈમેઈલ: info@shilchar.com, વેબસાઈટ: www.shilchar.com
ફોન નં.: (0265) 268 0466, ફેક્સ નં.: (0265) 268 0611
સીઆઈએન : L29308GJ1986PLC008387

**૪૦મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) નો નોટિસ તથા ઈ-વોટિંગ, રેકોર્ડ તારીખ અને બુક ક્લોઝર અંગેની માહિતી**

આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીની ૪૦મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) મંગળવાર, ૧૧મી ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ બપોરે ૦૩:૦૦ કલાકે ("આઈએસટી") વિડિયો કોન્ફરન્સિંગ ("વીસી") / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો ("ઓએવીએમ") દ્વારા યોજવામાં આવશે. આ સભા કંપની અધિનિયમ, ૨૦૧૩ તથા તેની હેઠળના નિયમો, તેમજ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન અને ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) નિયમો, ૨૦૧૫ ("સેબી(એલઓડીઆર) નિયમો, ૨૦૧૫") તથા કોર્પોરેટ કાર્ય મંત્રાલય ("એમસીએ") અને સેબી દ્વારા જારી કરવામાં આવેલા પરિપત્રોને અનુરૂપ રહેશે (જેને પછી "પરિપત્રો" તરીકે સંદર્ભિત કરવામાં આવશે).

૪૦મી એજીએમ માટેની નોટિસ, જેમાં એજીએમમાં હાથ ધરાનારા વ્યવસાયો અને પ્રક્રિયાઓ તેમજ નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેનો વાર્ષિક અહેવાલ સામેલ છે, તે તા.૧૭મી જુલાઈ, ૨૦૨૬ ના રોજ તમામ એવા સભ્યોને ઈલેક્ટ્રોનિક રીતે મોકલવામાં આવી છે, જેમની ઈમેઈલ આઈડી કંપની / આરટીએ / ડિપોઝિટરીઝ સાથે નોંધાયેલ છે. ૪૦મી એજીએમની નોટિસ અને વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.shilchar.com તેમજ બીએસઈ લિમિટેડની વેબસાઈટ www.bseindia.com પર પણ ઉપલબ્ધ છે.

**રેકોર્ડ તારીખ / બુક ક્લોઝર તારીખ:-**

કંપની અધિનિયમની કલમ ૯૧ અને સેબી (એલઓડીઆર) નિયમો, ૨૦૧૫ ની ૪૨ મુજબ, કંપનીની સભ્ય રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક ૦૧લી ઓગસ્ટ, ૨૦૨૬ થી ૧૧મી ઓગસ્ટ, ૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) વાર્ષિક ડિવિડન્ડ માટે બંધ રહેશે. નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માટેના ડિવિડન્ડ મેળવવા માટે શુક્રવાર, ૩૧મી જુલાઈ, ૨૦૨૬ ને "રેકોર્ડ તારીખ" તરીકે નક્કી કરવામાં આવી છે.

**ડિવિડન્ડ:**

કંપનીની બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તેમની મંગળવાર, તા.૦૫ મે, ૨૦૨૬ ના રોજ યોજાયેલી બેઠકમાં ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ સમાપ્ત થયેલ નાણાંકીય વર્ષ માટે રૂ.૧૦/- મૂલ્યના પ્રત્યેક ઈક્વિટી શેર પર રૂ.૧૨.૫૦/- નો ડિવિડન્ડ ભલામણ કર્યો હતો. જો આ ડિવિડન્ડ એજીએમમાં સભ્યો દ્વારા મંજૂર કરવામાં આવશે, તો લાગુ પડતા સ્ત્રોત પર કર કપાત (ટીડીએસ) બાદ, ૧૧ ઓગસ્ટ, ૨૦૨૬ પછી નીચે દર્શાવેલ વ્યક્તિઓને અથવા તેમના અધિકૃત પ્રતિનિધિઓને ડિવિડન્ડની ચૂકવણી કરવામાં આવશે:

i) જે સભ્યોના નામ શુક્રવાર, તા.૩૧ જુલાઈ, ૨૦૨૬ (રેકોર્ડ તારીખ) ના રોજ કામકાજના અંતે, સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસિસ (ઈન્ડિયા) લિમિટેડ (સીડીએસએલ) અને નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (એનએસડીએલ) દ્વારા ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં રાખવામાં આવેલા શેરના સંદર્ભમાં ઉપલબ્ધ કરાવવામાં આવનારી લાભદારી માલિકીની યાદીમાં નોંધાયેલા હશે; અને

ii) તેમજ, શુક્રવાર, તા.૩૧ જુલાઈ, ૨૦૨૬ (રેકોર્ડ તારીખ) ના રોજ કામકાજના અંતે, શેરોના ટ્રાન્સમિશન / ટ્રાન્સપોઝિશન માટે પ્રાપ્ત થયેલી માન્ય અરજીઓને અમલમાં લીધા બાદ, કંપનીના સભ્યોના રજિસ્ટરમાં જેમના નામ સભ્ય તરીકે નોંધાયેલા હશે.

કંપનીના જે સભ્યોએ હજુ સુધી તેમના ડિવિડન્ડ વોરન્ટ(ઓ) વટાવ્યા નથી અથવા જેમણે તેમના ડિવિડન્ડની રકમનો દાવો કર્યો નથી, તેઓ cs@shilchar.com પર કંપનીને ઈ-મેઈલ કરીને સંપર્ક કરી શકે છે.

**ડિવિડન્ડ પર કર:**

નાણાં અધિનિયમ, ૨૦૨૦ અનુસાર, ડિવિડન્ડની આવક સભ્યોના હાથે કરપાત્ર રહેશે અને કંપનીએ આવકવેરા અધિનિયમ, ૨૦૨૫ ("આઈટી એક્ટ") હેઠળ નિર્ધારિત દરો મુજબ સભ્યોને ચૂકવવામાં આવતા ડિવિડન્ડમાંથી સ્ત્રોત પર કર કપાત (ટીડીએસ) કરવાની રહેશે. ટીડીએસ સંબંધિત જોગવાઈઓનું પાલન સુનિશ્ચિત કરવા માટે, સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમનો રહેઠાણનો દરજ્જો, કાયમી ખાતા નંબર તથા આવકવેરા અધિનિયમ મુજબની તેમની શ્રેણી અંગેની વિગતો તેમના ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ (ડીપી) પાસે પૂર્ણ કરે અને/અથવા અપડેટ કરાવે. જો શેરો ભૌતિક સ્વરૂપમાં રાખવામાં આવ્યા હોય, તો જરૂરી દસ્તાવેજો સોમવાર, તા.૨૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ અથવા તે પહેલાં cs@shilchar.com પર મોકલી કંપનીને સબમિટ કરે, જેથી કંપની લાગુ પડતા ટીડીએસ/વિથહોલ્ડિંગ ટેક્સના યોગ્ય દર નક્કી કરી શકે, દસ્તાવેજોની ચકાસણી કરી શકે અને જો કોઈ કરમુક્તિ લાગુ પડતી હોય તો તેનો લાભ આપી શકે.

**ઈ-વોટિંગ:-**

કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૦૮ અને કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૨૦ (જેમા સમયાંતરે સુધારા થયા છે) તેમજ સેબી(એલઓડીઆર) નિયમો ૨૦૧૫ની નિયમ ૪૪ અનુસાર, કંપની તેના સભ્યોને ૪૦મી એજીએમના નોટિસમાં દર્શાવાયેલા વ્યવસાયો પર ઈલેક્ટ્રોનિક માધ્યમથી મતદાન કરવાની સુવિધા આપી રહી છે. આ માટે રિમોટ ઈ-વોટિંગ તથા એજીએમ દરમિયાન ઈ-વોટિંગ બંને ઉપલબ્ધ રહેશે.

તમામ સભ્યોને નીચેની બાબતોની જાણ કરવામાં આવે છે કે:

i. એજીએમ વિડિયો કોન્ફરન્સિંગ (વીસી)/ અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો (ઓએવીએમ) દ્વારા યોજાશે, જે કંપની અધિનિયમ તથા લાગુ પડતા. એમસીએ અને સેબી પરિપત્રોના અનુરૂપ રહેશે.
ii. વીસી/ઓએવીએમ દ્વારા બેઠકમાં ભાગ લેવા માટેની સૂચનાઓ અને ઈ-વોટિંગની પ્રક્રિયા, જેમાં શારિરિક રૂપે ધારક સભ્યો અથવા જેમણે તેમની ઈમેઈલ નોંધાવી નથી તેવા સભ્યો કેવી રીતે ઈ-વોટિંગ દ્વારા પોતાનું મતદાન કરી શકે તે પણ સમાવિષ્ટ છે, તેની વિગત ૪૦મી એજીએમ ના નોટિસમાં આપવામાં આવી છે.
iii. એજીએમમાં ઠરાવો પર મતદાન માટે પાત્ર સભ્યો નક્કી કરવા માટે "કટ-ઓફ તારીખ" તરીકે શુક્રવાર, ૩૧મી જુલાઈ, ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે.
iv. રિમોટ ઈ-વોટિંગની અવધિ શનિવાર, ૮મી ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સવારે ૯:૦૦ વાગ્યે (આઈએસટી) શરૂ થશે અને સોમવાર, ૧૦મી ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યે (આઈએસટી) પૂર્ણ થશે.
v. જેમા સભ્યોએ એજીએમ પહેલા રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનું મતદાન કર્યું છે, તેઓ વીસી/ઓએવીએમ મારફતે એજીએમમાં હાજરી આપી શકે છે, પરંતુ ફરીથી મતદાન કરવાની તેમને પરવાનગી રહેશે નહીં. જ્યારે જેમણે રિમોટ ઈ-વોટિંગ દ્વારા મતદાન નથી કર્યું, તેઓ એજીએમ દરમિયાન ઈ-વોટિંગ દ્વારા પોતાનું મતદાન કરી શકશે.
vi. જે કોઈ પણ શેરહોલ્ડર નોટિસ મોકલ્યા પછી અને ઈ-વોટિંગ માટે નિર્ધારિત કટ-ઓફ ડેટ એટલે કે શુક્રવાર, ૩૧મી જુલાઈ, ૨૦૨૬ પહેલાં કંપનીના શેરો ખરીદીને નવા શેરહોલ્ડર બને છે, તેઓ પોતાની લોગિન આઈડી અને પાસવર્ડ ડિપોઝિટરી અથવા કંપની / આરટીએને સંબંધિત ઈ-મેઈલ સરનામે વિનંતી મોકલીને મેળવી શકે છે અથવા એજીએમના નોટિસમાં આપવામાં આવેલી ઈ-વોટિંગની સૂચનાઓનું પાલન કરી શકે છે.
vii. જે સભ્યોએ કંપની/ડિપોઝિટરીઝ/આરટીએ સાથે તેમની ઈ-મેઈલ નોંધાવી નથી, તેઓ તેમની ઈ-મેઈલ નોંધાવી શકે છે અને/અથવા ઈ-વોટિંગ માટેના લોગિન ક્રેડેન્શિયલ્સ મેળવી શકે છે: ઈલેક્ટ્રોનિક રૂપે શેર ધરાવતા સભ્યો માટે તેઓ તેમના ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ(ઓ) (ડીપી) મારફતે ડિપોઝિટરી સાથે ઈ-મેઈલ નોંધાવી શકે છે. શારિરિક રૂપે શેર ધરાવતા સભ્યો માટે તેઓ આરટીએ નો સંપર્ક કરીને તેમની ઈ-મેઈલ નોંધાવી શકે છે. આરટીએ નો ઈ-મેઈલ સરનામું છે mcsltdbaroda@gmail.com.
viii. જો સભ્યોએ વીસી/ઓએવીએમ દ્વારા બેઠકમાં જોડાવા માટે કોઈ પ્રશ્નો હોય અથવા તકનિકી મદદની જરૂર હોય, તો તેઓ પર હેલ્પ વિભાગ હેઠળ ઉપલબ્ધ વારંવાર પૂછાતા પ્રશ્નો ("એફએક્યુઅસ") અને ઈ-વોટિંગ મેન્યુઅલનો સંદર્ભ લઈ શકે છે અથવા નીચે આપેલા ઈ-મેઈલ સરનામાઓ પર ઈ-મેઈલ દ્વારા સંપર્ક કરી શકે છે : "helpdesk.evoting@cdsl.com" અથવા cs@shilchar.com.

નિયામક મંડળના આદેશથી
શિલ્ચર ટેકનોલોજીસ લિમિટેડ વતી
સહી/-
વિષ્ણુપ્રિયા સિવિચન
કંપની સેક્રેટરી અને પાલન અધિકારી

સ્થળ : વડોદરા
તા. : ૧૭.૦૭.૨૦૨૬

**TATVA CHINTAN PHARMA CHEM LIMITED**

TATVA CHINTAN

CIN: L24232GJ1996PLC029894

**Registered Office :** Plot No. 502 / 17, GIDC Estate, Ankleshwar, Dist. Bharuch, Gujarat - 393 002
**Website :** www.tatvachintan.com **E-mail :** cs@tatvachintan.com **Tel. No. :** +91 75748 48533

**EXTRACT OF CONSOLIDATED STATEMENT OF FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30 JUNE 2026**

(Currency: Indian Rupees in Million, except per share data)

| Sr. No. | Particulars | Quarter ended 30.06.2026 (Unaudited) | Quarter ended 31.03.2026 (Unaudited) | Quarter ended 30.06.2025 (Unaudited) | Year ended 31.03.2026 (Audited) |
|---|---|---|---|---|---|
| 1. | Total income from operations | 1,670.55 | 1,341.44 | 1,168.64 | 5,058.58 |
| 2. | Net profit / (loss) for the period (before tax, exceptional and / or extraordinary items) | 224.29 | 165.87 | 91.01 | 570.09 |
| 3. | Net profit / (loss) for the period before tax (after exceptional and / or extraordinary items) | 211.11 | 165.87 | 91.01 | 570.09 |
| 4. | Net profit / (loss) for the period after tax (after exceptional and / or extraordinary items) | 159.81 | 103.21 | 66.51 | 420.54 |
| 5. | Total comprehensive income / (expenses) for the period [comprising profit / (loss) for the period (after tax) and other comprehensive income / (expenses) (after tax)] | 156.62 | 117.23 | 72.61 | 452.74 |
| 6. | Equity share capital | 233.92 | 233.92 | 233.92 | 233.92 |
| 7. | Reserves (excluding revaluation reserve) as shown in the audited balance sheet of the previous year | | | | 7,583.67 |
| 8. | Earnings per share (of Rs. 10/- each) (not annualised) - Basic: | 6.83 | 4.41 | 2.84 | 17.98 |
| | - Diluted: | 6.83 | 4.41 | 2.84 | 17.98 |

**KEY NUMBERS OF STANDALONE STATEMENT OF FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30 JUNE 2026**

(Currency: Indian Rupees in Million)

| Sr. No. | Particulars | Quarter ended 30.06.2026 (Unaudited) | Quarter ended 31.03.2026 (Unaudited) | Quarter ended 30.06.2025 (Unaudited) | Year ended 31.03.2026 (Audited) |
|---|---|---|---|---|---|
| 1. | Total income from operations (Net) | 1,467.02 | 1,326.65 | 1,091.80 | 4,962.96 |
| 2. | Net profit / (loss) before tax (before exceptional item) | 154.12 | 149.75 | 70.54 | 531.65 |
| 3. | Net profit / (loss) before tax (after exceptional item) | 140.94 | 149.75 | 70.54 | 531.65 |
| 4. | Net profit / (loss) after tax | 104.46 | 90.51 | 51.33 | 390.82 |
| 5. | Total comprehensive income / (expenses) | 104.92 | 91.66 | 50.63 | 392.56 |

Notes :

a) The Consolidated and Standalone Financial Results for the quarter ended 30 June 2026, were reviewed by the Audit Committee and approved by the Board of Directors in their respective meetings held on 17 July 2026.
b) The above is an extract of the detailed format of Financial Results for the quarter ended 30 June 2026, filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, as amended. The full format of Financial Results for the quarter ended 30 June 2026, are available on the websites of the Stock Exchanges i.e. BSE Limited and National Stock Exchange of India Limited at www.bseindia.com and www.nseindia.com respectively and also on the Company's website at www.tatvachintan.com. The same can be accessed by scanning the QR Code provided below.
c) Figures for the previous periods / year have been reclassified / rearranged / regrouped to conform to classification of current period, wherever necessary.

For and on behalf of the Board of Directors of
Tatva Chintan Pharma Chem Limited
Sd/-
Chintan N. Shah
Chairman and Managing Director
DIN: 00183618

Place : Vadodara, Gujarat, India.
Date : 17 July 2026

**INTEGRA ENGINEERING INDIA LIMITED**

INTEGRA ENGINEERING

CIN : L29199GJ1981PLC028741

**Regd. Office :** Chandrapura Village, Tal. Halol-389 350, Dist. Panchmahals, Gujarat.
**Tel. No. :** +91 90999 18471.
**Email ID :** info@integraengineering.in **Website :** www.integraengineering.in

**Statement of Unaudited Consolidated Financial Results for the Quarter ended 30th June, 2026**

(₹ in Lakhs)

| Sr. No. | Particulars | Quarter ended 30.06.2026 | Quarter ended 30.06.2025 |
|---|---|---|---|
| 1 | Total income from operations | 4,445.32 | 4,587.36 |
| 2 | Net Profit / (Loss) for the period before Tax | 562.27 | 722.61 |
| 3 | Net Profit / (Loss) for the period after Tax | 450.91 | 508.44 |
| 4 | Total Comprehensive Income for the period | 456.69 | 507.14 |
| 5 | Equity Share Capital | 344.15 | 343.95 |
| 6 | Other Equity | -- | -- |
| 7 | Earnings per share of ₹ 1/- each | | |
| | (1) Basic | 1.31 | 1.48 |
| | (2) Diluted | 1.31 | 1.48 |

Notes : 1. The above is an extract of the detailed format of Quarterly / Year ended Financial Results filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly / Year ended Financial Results are available on the Company's website (www.integraengineering.in) and on Stock Exchange website (www.bseindia.com).
2. The same can be accessed by scanning the QR Code provided below.

For INTEGRA Engineering India Limited
Sd/-
Jayesh Mehta
Director
DIN : 10529297

Place : Vadodara
Date : 16.07.2026

**INTEGRA ENGINEERING INDIA LIMITED**

INTEGRA ENGINEERING

CIN : L29199GJ1981PLC028741

**Regd. Office :** Chandrapura Village, Tal. Halol-389 350, Dist. Panchmahals, Gujarat.
**Tel. No. :** +91 90999 18471.
**Email ID :** info@integraengineering.in **Website :** www.integraengineering.in

**Statement of Unaudited Standalone Financial Results for the Quarter ended 30th June, 2026**

(₹ in Lakhs)

| Sr. No. | Particulars | Quarter ended 30.06.2026 | Quarter ended 30.06.2025 |
|---|---|---|---|
| 1 | Total income from operations | 4,445.32 | 4,587.36 |
| 2 | Net Profit / (Loss) for the period before Tax | 562.27 | 722.61 |
| 3 | Net Profit / (Loss) for the period after Tax | 450.91 | 508.44 |
| 4 | Total Comprehensive Income for the period | 456.69 | 507.14 |
| 5 | Equity Share Capital | 344.15 | 343.95 |
| 6 | Other Equity | -- | -- |
| 7 | Earnings per share of ₹ 1/- each | | |
| | (1) Basic | 1.31 | 1.48 |
| | (2) Diluted | 1.31 | 1.48 |


Notes : 1. The above is an extract of the detailed format of Quarterly / Year ended Financial Results filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly / Year ended Financial Results are available on the Company's website (www.integraengineering.in) and on Stock Exchange website (www.bseindia.com).
2. The same can be accessed by scanning the QR Code provided below.

For INTEGRA Engineering India Limited
Sd/-
Jayesh Mehta
Director
DIN : 10529297

Place : Vadodara
Date : 16.07.2026